ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૨ ટકા

# કુડાસણ વિસ્તારમાં તમાકુનું વેચાણ કરતા દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૩

તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડના સંયુક્ત ઉપક્રમે તમાકુ વિતરણ કરતા સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારના કુડાસણ વિસ્તારના વિક્રેતાઓ પાસેથી ખાસ ઝુંબેશના ભાગરૂપે દંડ વસુલ કરવામાં આવ્યો.

ધી સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટસ એક્ટ ૨૦૦૩ના નિયમોનુસાર કુડાસણ વિસ્તારના તમાકુના વિક્રેતા વેપારીઓ પાસેથી કુલ રૂ. ૨૨૦૦ દંડ કરવામાં આવ્યો હતો.

વારંવાર સુચનાઓ આપવા છતાં ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિઓને તમાકુનુ વેચાણ કરવુ નહિ તે પ્રમાણેનું નોટિસ બોર્ડમાં પ્રસિદ્ધ ન કરવા બદલ દંડ વસુલવામાં આવેલ હતો.

આ ઝુંબેશમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ. હિતેશભાઈ જહા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ગાંધીનગરના રાજેન્દ્રભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# સવારે નરોડા-ચિલોડા રોડ પર ફિલ્મી દશ્યો સર્જાયા

**શંકાસ્પદ માલ ભરીને નીકળેલી સ્કોર્પીયોને પકડવા અમદાવાદ અને ડભોડા પોલીસ ૧૦ કિ.મી. દોડી : લવારપુર થઈને ડભોડા તરફ સ્કોર્પીયો દોડાવી પોલીસને થાપ આપી બે શખ્સો ફરાર : પીસીઆરને ટક્કર મારતા કાચ ઉછળીને હોમગાર્ડને વાગ્યા : હત્યાના પ્રયાસનો ગુનો દાખલ**

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ અને ગાંધીનગરની પોલીસને આજે સવારે એક શંકાસ્પદ સ્કોર્પીયો ગાડીએ ૧૦ કિ.મી. દોડાવી હતી. અમદાવાદ પોલીસે બાતમી આધારે શંકાસ્પદ સ્કોર્પીયોનો પીછો કર્યો તે ગાડી નરોડાથી ચિલોડા હાઈવે વળી હતી. અમદાવાદ પોલીસે કંટ્રોલમાં જાણ કરી ડભોડા પોલીસને નાકાબંધી માટે લવારપુરથી ડભોડા ગોઠવી દીધી હતી. ફિલ્મી દશ્યો રોડ ઉપર સર્જાયા..! એક ગાડી પાછળ પોલીસની ગાડીઓ પીછો કરતી હતી. આ શંકાસ્પદ ગાડીએ પીસીઆર વાનને ટક્કર મારી ડભોડા થઈ આંતરીક માર્ગો પર ગાડી ગાયબ થઈ ગઈ હતી. પીસીઆરને ટક્કર વાગતા એક હોમગાર્ડ જવાનને કાચ વાગ્યો અને તે ઘાયલ થઈ ગયો હતો. ડભોડા પોલીસે સ્કોર્પીયો ચાલક સામે





હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી સ્કોર્પીયો નંબરને આધારે તે શખ્સ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારે અમદાવાદ તરફથી નરોડા-ચિલોડા હાઈવે તરફ એક સ્કોર્પીયો ગાડીમાં શંકાસ્પદ માલ ભરીને બે શખ્સો જવાના હોવાની બાતમી અમદાવાદ પોલીસને મળી હતી. અમદાવાદ પોલીસે વોચ ગોઠવી નરોડાથી આ સ્કોર્પીયોનો પીછો કર્યો હતો. ચિલોડા હાઈવે પર આ સ્કોર્પીયો ચઢી એટલે અમદાવાદ પોલીસે સ્ટેટ કંટ્રોલમાં ગાડી અંગે જાણ કરી ગાંધીનગર પોલીસને નાકાબંધી માટે એલર્ટ કરવા મેસેજ પાસ કર્યો હતો. ગાંધીનગર કંટ્રોલને જાણ કરી ડભોડા પોલીસને લવારપુર ડભોડા નાકાબંધી માટે તૈનાત કરી સ્કોર્પીયો પકડવા ગોઠવી દેવાઈ હતી. આ સ્કોર્પીયો લવારપુર પહોંચી અને રસ્તા વચ્ચે પોલીસ જોઈ એટલે તેણે પીસીઆર વાનને ટક્કર મારી ડભોડા તરફ ગાડી ફેરવી દઈ અંતરિયાળ રસ્તાઓ થઈને ફરાર થઈ ગયા હતા. પીસીઆરને ટક્કર વાગતા ફુટેલા કાચ હોમગાર્ડ જવાન યુ.એચ. ચૌહાણને માથે વાગતા તેને સારવાર અર્થે લઈ જવાયા હતા. સ્કોર્પીયો પોલીસને હાથ ન લાગી પરંતુ ગાડી નંબર મળી જતા તેના સુધી પહોંચવા ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ તપાસ તેજ કરી છે. સ્કોર્પીયોના અજાણ્યા ચાલક સામે જમાદાર નટવરભાઈની ફરિયાદને આધારે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી ડભોડા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૪ સર્કલ ખાતે શહેરના કેટલાક યુવા નગરજનો જેમાં મહિલાઓ પણ સામેલ હતી. તેમણે પાકસેનાની બર્બરતામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવા મૌન માનવ સાંકળ રચી હતી. આ માનવ સાંકળને જોઈ ત્યાંથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓ આશ્ચર્ય અનુભવી આદરભાવથી માથુ નમાવતા જોવા મળ્યા હતા તથા સ્વર્ણિમ પાર્કમાં આવેલા શહેલાણીઓ પણ સ્વયંભૂ રીતે માનવ સાંકળમાં જોડાઈ ગયા હતા.

● સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પોલીસ ખાતા દ્વારા ગાંધીનગરના નારી સંરક્ષણ ગૃહની ૨૫ મહિલાઓને એક દિવસીય પ્રવાસ માટે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ગુરૂવારે આ મહિલાઓને સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પ્રવાસે લઈ જવામાં આવનાર છે.

● માહિતી ખાતા દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાનું મેરિટ લિસ્ટ આજકાલમાં જાહેર થવામાં છે. આ પરિણામની શહેરના અનેક પત્રકારો સહિત મોટી સંખ્યામાં ઉમેદવારો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

# સુધીર દેસાઈની બેસ્ટ પેરાલીગલ વોલંટીયર તરીકે પસંદગી

ગાંધીનગર, તા. ૩

નામદાર સુપ્રિમ કોર્ટની નેશનલ લીગલ સર્વીસીઝ ઓથોરીટી (નાલસા) દ્વારા પેરાલીગલ



વોલંટીયર સ્કિમ સાલ ૨૦૦૯માં શરૂ કરવામાં આવેલી છે. અને આપણા ગુજરાત રાજ્યમાં તા. ૩૧-૩-૨૦૧૭ના દિને કુલ ૩૨૮૨ પારા લીગલ વોલંટીયર કાર્યરત છે. તેમાંથી નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્ટેટ લીગલ સર્વીસીઝ (સાલસા) દ્વારા સાલ ૨૦૧૬-૧૭ના ઉત્તમ કામગીરી ધરાવતા સાત પેરા લીગલ વોલંટીયરની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના સુધીર દેસાઈ 'બેસ્ટ પેરા લીગલ વોલંટીયર' તરીકે પસંદ થયા અને નામદાર સુપ્રિમ કોર્ટની નેશનલ લીગલ સર્વીસીઝ ઓથોરીટી (નાલસા) દ્વારા નવી દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ મીટ ઓફ પારા લીગલ વોલંટીયર્સમાં ભાગ લેવા આમંત્રણ મળતાં બે દિવસના કાર્યક્રમમાં તેઓ હાજર રહ્યા હતા.

આ નેશનલ મીટનું ઉદ્‌ઘાટન સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે કેન્દ્રના કાનુન મંત્રી રવિશંકર પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા અને કી-નોટ પ્રવચન સુપ્રિમ કોર્ટના નામદાર ન્યાયમૂર્તિ અને નાલસાના એક્ઝીક્યુટીવ ચેરમેન દિપક મિશ્રાએ આપ્યુ હતુ. તેઓએ પેરા લીગલ વોલંટીયર્સને ભગવાનના દેવદૂત જેવા ગણાવ્યા કે જેઓ આ દેશના જરૂરીયાતમંદ પછાત અને ઉપેક્ષિત પ્રજાજનોને જરૂરી કાનુની માર્ગદર્શન પુરૂ પાડે છે અને તેઓને લગતી વિવિધ સરકારી યોજનાઓની મીહિતી આપીને તે યોજનાઓનો લાભ આવા પ્રજાજનોને મળે તે માટે જરૂરી મદદ કરે છે. સમગ્ર દેશના લગભગ ૩૦૦ જેટલા પીએલવીઓએ આ વિશિષ્ટ નેશનલ મીટમાં હાજર રહી ભાગ લીધેલ હતો.

# કોલવડાનો વોન્ટેડ માથાભારે બુટલેગર એલસીબીના સકંજામાં

**દારૂની હેરાફેરી, વેપાર તથા જીવલેણ હુમલા સહીત ૧૩ ગુનાઓમાં સંડોવાયેલો આ આરોપી અગાઉ જિલ્લામાંથી તડીપાર પણ કરાયેલો છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના કોલવડાનો માથાભારે બુટલેગર છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો. આ શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે કોલવડાથી પકડી પાડ્યો છે. પેથાપુર, સેક્ટર-૨૧, ઈન્ફોસીટી સહીતના પોલીસ સ્ટેશનમાં તેની સામે પ્રોહીબીશન તથા મારામારી, જીવલેણ હુમલા સહિતના ૧૩ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જિલ્લામાંથી અગાઉ તેને તડીપાર પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના સુચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે તેમની એક ટીમને નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રિય કરી છે. જેને આધારે પીએસઆઈ એસ.બી. પઢેરીયાની ટીમે બાતમીદારો સક્રિય કર્યા છે. આજે તેમની ટીમને બાતમી મળી હતી કે કોલવડાનો વોન્ટેડ માથાભારે બુટલેગર નરેશ રઈજી રાવળ કોલવડા ફરે છે. તેના આધારે



કોલવડા પહોંચીને ટીમે વોચ ગોઠવી કોલવડાથી વોન્ટેડ બુટલેગરને દબોચી લીધો છે. નરેશ રઈજી રાવળ સામે પેથાપુર, સે. ૨૧, ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ ઉપરાંત મારામારી, જીવલેણ હુમલો સહિતના શરીર સંબંધી ગુનાઓ મળી કુલ ૧૩ જેટલા ગુનાઓ દાખલ થયેલા છે. આ માથાભારે બુટલેગર અગાઉ જિલ્લામાંથી તડીપાર કરાયેલો હતો. નરેશ રાવળની ધરપકડ કરી લઈ એલસીબીની ટીમે સે. ૨૧ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

# ઉમિયા માતાજીનો ૧૪મો પાટોત્સવ રંગેચંગે ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ સ્થિત ઉમિયા માતાજી મંદિરનો ૧૪મો પાટોત્સવ તા. ૯ મે ને મંગળવારના રોજ રંગેચંગે ઉજવાશે. મંદિર ખાતે સવારે ૮ થી સાંજના ૭ કલાક સુધી વિવિધ ધાર્મિક પ્રસંગની ઉજવણી કરાશે.

ગાંધીનગર શહેરના સે. ૧૨ સ્થિત કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાજી, ભગવાન શિવજી તથા રાધા-કૃષ્ણ મંદિરનો ૧૪મો પાટોત્સવ તા. ૯ મે ને મંગળવારના શુભદિને કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમંગભેર પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં સવારે ૮ કલાકે નવચંડી યજ્ઞ, સવારે ૧૧.૩૦ કલાકે યજમાનો દ્વારા પૂજન, ધ્વજારોહણ, ૧૨.૩૯ કલાકે જ્યારે સાંજે ૫ કલાકે શ્રીફળ હોમાશે. ભક્તો માટે સાંજે ૬ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. પાટોત્સવ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે ઉમિયા માતાજી મંદિર પરિસરમાં અનોખુ ધાર્મિક વાતાવરણનો માહોલ સર્જાશે. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો સહિત સૌ ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

# વોર્ડ નં. ૩ના રસ્તા રીપેર નહી કરાય તો કોર્પોરેટર રીટાબેન ધરણા કરશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૩ મત વિસ્તારના સે. ૨૦, ૨૧, ૨૨, ૨૩ તેમજ ૨૦ અને ૩૦ના બધા જ રીંગરોડ થોડા સમય પહેલા બાંધકામ વિભાગ દ્વારા રીપેર કરવામાં આવ્યા હતા. પરંતુ ચોમાસુ જતાની સાથે જ આ રોડ બિસ્માર હાલતમાં ખુબ જ ખરાબ થયેલ છે. શહેરીજનોને પારાવાર પરેશાની ભોગવવી પડે છે. અકસ્માતનો ભોગ બને છે. બાંધકામ પાટનગર યોજનામાં અનેકવાર લેખિતને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ કોઈ કાર્યવાહી આજદિન સુધી થયેલ નથી. મરામત પણ કરવામાં આવતા નથી. જો ટુંક સમયમાં એટલે કે સાત દિવસમાં વોર્ડ નં. ૩ના રસ્તા વ્યવસ્થિત રીપેર નહિ કરવામાં આવે તો ના છૂટકે ધરણા કરવાની ફરજ પડશે. તેમ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ ન. ૩ના કોર્પોરેટર રીટાબેન કે. પટેલે જણાવેલ છે.

# ઈન્ડેક્ષ-બી કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩

ઈન્ડેક્ષ-બી ના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લિ.ના વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષના ચૂંટાયેલા સભ્યોની બેઠક મળી હતી. આ બેઠકમાં કારોબારીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આર.બી. પટેલ અધ્યક્ષ, પી.એમ. સોની ઉપાધ્યક્ષ, એ.પી. પરમાર મંત્રી, શ્રીમતિ રૂપાન્દે ઠાકોર સહમંત્રી, શ્રીમતી વી.ટી. આચાર્ય ખજાનચી, જે.જી. મોટવાણી, જે.આર. શાહ, આર. સી. ક્રિશ્ચિયન, એમ.કે. દંતાણી કારોબારી સભ્યો તરીકે વરણી પામેલ હતા.

## આઈ લવ માય ગાંધીનગર



**દેવલ રામાવત**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**
સુંદરતા, સહજતા, સરળતા, સેવા અને સંસ્કૃતિને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને સેવાભાવી, કલાપ્રેમી, તહેવારપ્રેમી, સંસ્કૃતિપ્રેમી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તેમજ જી ઈ ક્લબ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાનો સમાજકાર્યમાં રસ લે, પ્રવૃત્ત થાય અને તેમને આ બાબતની યોગ્ય તાલીમ મળે એવા વાતાવરણનું નિર્માણ કરવું મને જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**
કલા પ્રવૃત્તિ માટે હરદમ તૈયાર છું. આ ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની સેવા, સહાય આપવા માટે પણ હું તત્પર, તૈયાર છું.

# પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૩

પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગર (ગુજરાત, નાયી વાળંદ સમાજ)ના યુવક-યુવતીઓ કે જેઓ આગામી વિવિધ સરકારી નોકરી માટે પરીક્ષાલક્ષી તૈયારીઓ પુરજોશમાં કરી રહ્યા છે. ત્યારે સમાજના યુવક-યુવતીઓને પરિણામલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે આગામી તા. ૬-૫-૧૭ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન લિંબચ માતાજી મંદિર, સે. ૧૩ ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ માર્ગદર્શન સેમીનારમાં ઉમેદવારોને હાજર રહેવા સંસ્થાના ટ્રસ્ટીએ અનુરોધ કર્યો છે.

# સે. ૨૪માં શિવકથા યોજાશે

ગાંધીનગર, તા. ૩

શહેરના સે. ૨૪ સ્થિત ડબલડેકર સોસાયટી ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે ભવ્ય શિવકથાનું આયોજન આગામી તા. ૫-૫-૧૭થી ૧૩-૫-૧૭ દરમિયાન કરવામાં આવ્યું છે. સંગીતમય કથાનું ગાન દરરોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કરવામાં આવશે. કથામાં બાર જ્યોતિર્લીંગ પ્રાગટ્યકથા, માતાજી પ્રાગટ્ય, ગણેશ-કાર્તિકેય પ્રાગટ્ય, શિવ-વિવાહ મહોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. શિવકથા ઉપરાંત આનંદનો ગરબો અને સુંદરકાંડના પાઠ યોજાશે. આ શિવકથાનો લાભ લેવા સૌ ધાર્મિક નગરજનોને પધારવા સુંદરધામ પરિવાર અને સે. ૨૪ વસાહતીઓ દ્વારા અનુરોધ કરાયો છે.

# ગુરૂ બ્રાહ્મણ સમાજ જ્ઞાતિપંચની પરિચય પુસ્તિકાની વિમોચન વિધિ

**પ્રતિભાશાળી નાગરિકો-વય નિવૃત્તોનું સન્માન થયું**

ગાંધીનગર, તા. ૩

શ્રી મૂળગામ ગુરૂ બ્રાહ્મણ સમાજ જ્ઞાતિપંચ-અમદાવાદ શહેર દ્વારા પરિવાર પરિચય પુસ્તિકાનો વિમોચનવિધિ કાર્યક્રમ અને પ્રતિભાશાળી નાગરિકો તથા વય નિવૃત્ત વ્યક્તિઓનો સન્માન સમારંભ ડૉ. આંબેડકર હોલ, સરસપુર, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર પુરાણીએ છેલ્લા પાંચ વર્ષની કામગીરીની વિગતો આપીને આગામી દિવસોમાં સમાજના નાગરિકોની ક્રેડિટ સોસાયટી તથા સમાજભવનના નિર્માણ માટેની રચના કરવા સહુનો સહકાર માંગ્યો હતો. મહામંત્રી પરેશભાઈ દવેએ સમગ્ર કાર્યવાહીની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે નિવૃત્ત, એક્ઝીક્યુટીવ એન્જિનીયર પી.એન. પંડ્યા, ડી.આઈ.જી. એ.કે. પંડ્યા, સી.એન. જોષી, ગુરૂ બ્રાહ્મણ સમાજ અમદાવાદના પ્રમુખ નિકુંજ વૈશ્યક, પ્રમુખ છેડાલ પરગણાએ ઉપસ્થિત રહીને સમાજના વિકાસ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વરિષ્ઠ અધિકારી ભાનુભાઈ દવેએ કર્યુ હતુ.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરનારા સમાજના યુવક-યુવતીઓનું પણ શાલ ઓઢાડી-બુકે આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. વિવિધ પરગણામાંથી હાજર રહેલા મહાનુભાવો તથા સમાજના વય નિવૃત્ત વ્યક્તિઓનું મહેમાનોએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. અરવિંદકુમાર એન્ડ નાઈટ્સના કલાકારો દ્વારા સંગીતનો સુમધુર કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને ઉપપ્રમુખ રવિશંકર દવે, જગદીશભાઈ પંડિત, પ્રહલાદભાઈ પુરાણી-ખજાનચી તથા સહમંત્રી બાબુલાલ શ્રીમાળી, રમેશભાઈ પુરાણી, સંગઠનમંત્રી ગોવિંદભાઈ દવે, ચંદ્રેશભાઈ શ્રીમાળી, ભાસ્કરભાઈ પુરાણી, વિનોદભાઈ તપોધન અને કારોબારી સભ્યોના સહકારથી પ્રમુખ રમેશચંદ્ર પુરાણી અને મહામંત્રી પરેશભાઈ દવેના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભાવનાથ તળેટી-જૂનાગઢના મહંત હરિગીરી, રામદેવ નિકલંક મંદિરના મહંત ધનસુખનાથજી, જગન્નાથ મંદિરના દિલીપદાસજી મહારાજે શુભ-સંદેશ દ્વારા આશીર્વચન આપ્યા હતા. મૂળગામી ગુરૂ બ્રાહ્મણ સમાજના શુકલગુરૂ ગુલાબદાસજીનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. અધિકારી કમળાબેન શ્રીમાળી, જાણીતા સિંગર અરવિંદભાઈ શ્રીમાળી, વોઈસ ઓફ મુકેશ જેસીંગભાઈ દવે, પિનાકીન શ્રીમાળી, જે.એ. પંડ્યા સહિત અનેક ક્ષેત્રના અગ્રણીઓ-જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં સુરૂચિપૂર્ણ ભોજન સાથે આભારદર્શન પણ પ્રમુખ રમેશચંદ્ર પુરાણીએ કર્યુ હતુ.

# નિસર્ગ સાયન્સ ખાતે 'વેકેશન વિજ્ઞાનસંગ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચાલી રહેલા 'વેકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમ અંતર્ગત તા. ૨જી મેના રોજ



'હેલિકોપ્ટર મેકિંગ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓની રસ અને રૂચીને ધ્યાનમાં લઈને આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલે વિદ્યાર્થીઓને હેલિકોપ્ટરની રચના અને કાર્યપદ્ધતી વિશે માહિતગાર કર્યા હતા. હેલિકોપ્ટર વિજ્ઞાન કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે તેની પણ વિસ્તૃત સમજ આપી હતી. ઘરમાં પડેલા નકામી બોટલ, મોટર, વાયર, રમકડામાં વપરાતા પંખા વડે હેલિકોપ્ટરનું મોડેલ તૈયાર કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને રમકડાનાં ઉડતા હેલિકોપ્ટર પણ બતાવવામાં આવ્યા હતા.



આ ઉપરાંત તા. ૩જી મે ના રોજ 'ફન વિથ ફિઝીક્સ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભૌતિક વિજ્ઞાનના નાના પ્રયોગો દેખાડવામાં આવ્યા હતા. જેમાં ઘરગથ્થુ મોટર બનાવવી, જનરેટર બનાવવુ વગેરે વિદ્યાર્થીઓને બતાવતા શીખડાવવામાં આવ્યા હતા. ચુંબકના વિવિધ પ્રયોગો પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યા હતા. ઉપરાંત પાણીની ખાલી બોટલમાંથી પવનચક્કી બનાવતા પણ શીખવાડવામાં આવ્યુ હતુ. આ વર્કશોપમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપના આયોજનમાં હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સે. ૧૧માં સ્કીલ ઈન્ડિયા અંતર્ગત વિના મૂલ્યે તાલીમ વર્ગો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે સેક્ટર-૧૧માં મેઘ મલ્હાર કોમ્પલેક્ષમાં એન્ડી એકેડમી એન્ડ મેન પાવર દ્વારા સ્કીલ ઈન્ડિયા અંતર્ગત કોઈપણ પ્રકારની ફી વગર સ્કીલ ડેવલોપમેન્ટ કોર્સની તાલીમ આપવામાં આવી રહી છે. આ કેન્દ્ર દ્વારા હાલ બે કોર્સની તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં એક કોમ્પ્યુટર કોર્ષ અને બીજો સોલર પેનલ ટેકનિશિયનનો કોર્સનો સમાવેશ થાય છે. એન્ડી એકેડેમી એન્ડ મેન પાવરના ગાંધીનગર સ્કીલ કોર્ષ સેન્ટર ખાતે કોમ્પ્યુટર તથા સોલર પેનલ ટેકનિશિયન એમ બંને કોર્ષ માટે ૪ માસમાં કુલ ૪૪૦ કલાકની તાલીમ આપવામાં આવી રહી છે. વડાપ્રધાન દ્વારા નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન થકી પીએમવીવાય યોજના અંતર્ગત આ કોર્ષ ચલાવાઈ રહ્યાં છે.

## ચિરવિદાય

- સ્વ. હસમુખભાઈ ગણેશભાઈ દખણી ઉ.વ.૫૮
- સ્વ. મરઘાભાઈ રામાભાઈ પટેલ, ઉ.વ.૭૮
- સ્વ. મોતલબેન ખુમાજી ઠાકોર ઉ.વ. ૯૦